Seat No. : _______________

# ME-105

**March-2025**

**B.A., Sem.-V**

**CC-304/A : Gujarati**

**'સરોજ પાઠકની શ્રેષ્ઠ વાર્તાઓ'**

**(સંપા.–દિલાવરસિંહ જાડેજા, રમણલાલ પાઠક)**

**Time : 2½ Hours]** **[Max. Marks : 70**

1. સરોજ પાઠકના જીવન અને કવનનો વિગતે પરિચય કરાવો. **14**

**અથવા**

1. સરોજ પાઠકે ગુજરાતી સાહિત્યમાં આપેલા યોગદાનનું અવલોકન કરો. **14**

2. 'સરોજ પાઠકની શ્રેષ્ઠ વાર્તાઓ'નું સમગ્રલક્ષી મૂલ્યાંકન કરો. **14**

**અથવા**

2. 'વિશ્રંભકથા' વાર્તામાં માધવી અને કૈલાસની હૃદય સૃષ્ટિનું થયેલું આલેખન આસ્વાદ્ય છે. – તે ચર્ચા. **14**

3. ટૂંકનોંધ લખો : (ગમે તે **બે**) **14**

(1) 'ન કૌંસમાં, ન કૌંસ બહાર' વાર્તાનો મર્મસ્પર્શી અંતની કલાત્મકતા તપાસો.

(2) 'સારિકા પંજરસ્થા' વાર્તામાં પ્રગટતું નારી જીવનનું કારુણ્ય

(3) 'દુશ્ચક્ર' વાર્તાના નાયક વીરજીનું પાત્રાલેખન કરો.

(4) 'સરોજ પાઠકની શ્રેષ્ઠ વાર્તાઓ'ની ગદ્યશૈલી

4. કાવ્યનું રસદર્શન કરાવો. (ગમે તે **એક**) **14**

**જૂનું ઘર ખાલી કરતાં**

ફંફોસ્યું સૌ ફરી ફરી અને હાથ લાગ્યુંય ખાસ્સું;
જૂનું ઝાડુ, ટુથબ્રશ, વળી લક્સ સાબુની ગોટી,
બોખી શીશી, ટિનનું ડબલું, બાલદી કૂખકાણી,
તૂટ્યાં ચશ્માં, કિલપ, બટન ને ટાંકણી સોય-દોરો !
લીધું દ્વારે નિત લટકતું નામનું પાટિયું, જે
મૂકી ઊંધું, સુપરત કરી, લારી કીધી વિદાય.
ઊભાં છેલ્લી નજર ભરીને જોઈ લેવા જ ભૂમિ,
જ્યાં વિતાવ્યો પ્રથમ દસકો મુગ્ધ દામ્પત્ય કેરો;
જ્યાં દેવોના પરમ વર શો પુત્ર પામ્યાં પનોતો,
ને જ્યાંથી રે કઠણ હૃદયે અગ્નિને અંક સોંપ્યો !
કોલેથી જે નીકળી સહસા ઊઠતો બોલી જાણે :
'બા-બાપુ! ના કશુંય ભૂલિયાં, એક ભૂલ્યાં મને કે ?'

ખૂંચી તીણી સજલ દગમાં કાચ કેરી કણિકા !
ઉપાડેલાં ડગ ઉપર શા લોહ કેરા મણીકા !

— બાલમુકુંદ દવે

**અથવા**

ભાઈ રે, આપણા દુઃખનું કેટલું જોર ?
નાની એવી જાતક વાતનો મચવીએ નહિ શોર.
ભાઈ રે, આપણા દુઃખનું કેટલું જોર ?
ભારનું વાહન કોણ બની રહે, નહિ અલૂણનું કામ,
આપણ તો બડભાગી, ખમીરનું આજ ગવાય રે ગાન,
સજલ મેઘની શાલપે સોહે રંગધનુષની કોર.
ભાઈ રે, આપણા દુઃખનું કેટલું જોર ?
જલભરી દગ સાગર પેખે, હસતી કમળ ફૂલ,
કોકડું છે પણ રેશમનું એનું ઝાણું વણાય દુકૂલઃ
નિબિડ રાતનાં કાજળ પાછળ પ્રગટે અરુણ-ભોર.
ભાઈ રે, આપણા દુઃખનું કેટલું જોર ?
આપણે ના કંઈ રંક ભર્યો ભર્યો માંહ્યલો કોશ અપાર,
આવવા દો જેને આવવું, આપણે મૂલવશું નિરધારઃ
આભ ઝરે ભલે આગ, હસી હસી ફૂલ ઝરે ગુલમોર.
ભાઈ રે, આપણા દુઃખનું કેટલું જોર ?
— રાજેન્દ્ર શાહ

5. સાચો વિકલ્પ શોધી જવાબ લખો : (કોઈપણ **સાત**) **14**

(1) સરોજ પાઠકનો જન્મ કઈ સાલમાં થયો હતો ?

(a) ઈ.સ. 1925 (b) ઈ.સ. 1929

(c) ઈ.સ. 1931 (d) ઈ.સ. 1935

(2) સરોજ પાઠકના પતિનું નામ શું છે ?

(a) જયંત પાઠક (b) જીવણ પાઠક

(c) રમણ પાઠક (d) મહેશ દેસાઈ

(3) સરોજ પાઠકની પ્રથમ વાર્તા કઈ છે ?

(a) સારિકા પંજરસ્થા (b) ધ્વન્યાર્થ

(c) નહીં અંધારું, નહીં અજવાળું (d) સૌગંધ

(4) 'સરોજ પાઠકની શ્રેષ્ઠ વાર્તાઓ'ની પ્રથમ આવૃત્તિ કઈ સાલમાં પ્રગટ થઈ હતી ?

(a) ઈ.સ. 1978 (b) ઈ.સ. 1981

(c) ઈ.સ. 1983 (d) ઈ.સ. 1985

(5) 'પ્રિય પૂનમ' કયા સ્વરૂપની કૃતિ છે ?

(a) વાર્તા (b) નિબંધ

(c) નવલકથા (d) વિવેચન

(6) નીચેનામાંથી કયો વાર્તાસંગ્રહ સરોજ પાઠકનો છે ?

(a) ઝાકળ (b) વનકુંજ

(c) પિયાસી (d) વિરાટ ટપકું

(7) શુચિના પતિનું નામ શું છે ?

(a) ભવ્ય (b) દિવ્ય

(c) નરેશ (d) રમેશ

(8) કઈ વાર્તાનો નાયક નદીમાં કૂદી આત્મહત્યા કરે છે ?

(a) સૌગંધ (b) મારા ચરણ કળણમાં એટલે એકસ્ટસી

(c) શો જવાબ ? (d) ધ્વન્યાર્થ

(9) 'શું સોચે છે લખ્ખી ?' – આ વિધાન કોણ બોલે છે ?

(a) બલ્લુ (b) સંબલ

(c) પૂરબી (d) શુચિ

(10) જવાલાપ્રસાદ – રાખી કઈ વાર્તાના પાત્રો છે ?

(a) પોસ્ટ–મોર્ટમ (b) રાનાપીલીવાનીજા

(c) ધ્વન્યાર્થ (d) વિશ્રંભકથા

(11) 'કોને કહું ? કેમ કહું ?' વાર્તાના નાયકનું નામ શું છે ?

(a) અંકુર (b) મુરલીધર

(c) બલ્લુ (d) મનહર

(12) 'અરે દુ:ખ લાગે તો રડેય નહિ ? એ તે સ્ત્રી કે પથ્થર ?' – આ વિધાન કઈ વાર્તાનું છે ?

(a) વિશ્રંભકથા (b) ન કૌંસમાં, ન કૌંસ બહાર

(c) સારિકા પંજરસ્થા (d) રંગ રંગ વાદળિયાં

(13) 'રંગ રંગ વાદળિયાં' વાર્તાના નાયક–નાયિકાનું નામ શું છે ?

(a) રેમી – ઈશુ (b) અંકુર – પ્રાચી

(c) અંકુર – ઈપ્સા (d) કૈવલ્ય – ઈપ્સા

(14) નિમ્મુ કઈ વાર્તાનું પાત્ર છે ?

(a) સ્વયં-વર (b) શો જવાબ ?

(c) સૌગંધ (d) નિયતિકૃત નિયમરહિતા

Seat No. : _______________

# ME-105

**March-2025**

**B.A., Sem.-V**

**CC-304/B : Gujarati**

**('માટીનો માનવી' – કાલિન્દીચરણ પાણિગ્રહી)**

**Time : 2½ Hours]** **[Max. Marks : 70**

1. અનુવાદની સંજ્ઞા અને સ્વરૂપ સ્પષ્ટ કરી, સાંપ્રત સમયમાં તેનું મહત્ત્વ સ્પષ્ટ કરો. **14**

**અથવા**

1. અનુવાદકના મુખ્ય ગુણો વિશે ચર્ચા કરી અનુવાદની સમસ્યાઓ પર પ્રકાશ પાડો. **14**

2. 'ભારતીય મૂલ્યોની શોધ આદરતી નવલકથા તરીકે 'માટીનો માનવી'' નવલકથાને મૂલવો. **14**

**અથવા**

2. 'માટીનો માનવી' નવલકથાની પાત્રસૃષ્ટિનો વિગતે પરિચય કરાવો. **14**

3. 'માટીનો માનવી' નવલકથામાં લેખકે ગાંધીવિચારને પ્રગટાવવા બરજૂના પાત્રને માધ્યમ બનાવ્યું છે. – આ વિધાનની સમીક્ષા કરો. **14**

**અથવા**

3. ગ્રામજીવનની સામાજિક વાસ્તવિકતા અને ગ્રામજનોની ખુમારીને પ્રગટાવતી.... નવલકથા તરીકે 'માટીનો માનવી'નું મૂલ્યાંકન કરો. **14**

4. નીચે આપેલ કાવ્યોમાંથી કોઈ **એક** કાવ્યનું રસદર્શન કરાવો : **14**

1. દૂધે ધોઈ ચાંદની
   ચાંદનીએ ધોઈ રાત,
   એવામાં જો મળે તો
   વ્હાલમ, માંડુ રે એક વાત.
   અડધું પિંજર હેમ મઢ્યું ને અડધું રૂપે સ્હોય,
   એમાં બે અલબેલાં પંખી અલગ રહીને રોય.
   વાત સમજ તો વ્હાલમ,
   ચાંદ-સૂરજની દઉં સોગાત.
   વનવગડે એક વાટ ને વાટે ઊગ્યાં રાન ગુલાબ,
   વણ ચૂંટ્યે વીણી લેવાની મળી છે અમને છાબ.
   ભેદ સમજ તો તને વસાવું
   કીકીમાં રળિયાત.
   મગથી ઝીણાં મરી, ઓ વ્હાલમ, સૌથી ઝીણી રાઈ,
   એથી નાજુક ચીજ, નરી આંખે જે ના દેખાઈ;
   દાખવ તો ઓ પિયુ!
   તને દઉં હૈયાની ઠકરાત.
   — હરીન્દ્ર દવે

2. વર્ષોથી ઘર હતું આ મારું અપંગ જેવું,
   આવ્યાં તમે તો લાગ્યું સઘળે વસંત જેવું.

   માણસ મટીને પળમાં હું થઈ ગયો સરોવર,
   ને રોમરોમ ઊઠ્યું જાણે તરંગ જેવું.

   બારી, કમાડ, ફળિયું ને એકએક નળિયું,
   ઊજવી રહ્યાં છે ખુદમાં કોઈ પ્રસંગ જેવું.

   લઈ જીર્ણશીર્ણ પર્ણો ઊભું હતું ખખડધજ
   એ વૃક્ષથી અચાનક ટહુક્યું વિહંગ જેવું,

   ઊઘડી રહ્યું છે ચારે બાજુ ઉમંગ જેવું,
   આવ્યાં તમે તો લાગ્યું સઘળે વસંત જેવું.
   — અનિલ ચાવડા

5. નીચે આપેલ વૈકલ્પિક પ્રશ્નોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી કોઈપણ **સાત** પ્રશ્નોના જવાબ આપો : **14**

(1) અનુવાદ કઈ ભાષાનો શબ્દ છે ?

(a) લેટિન (b) ગ્રીક

(c) સંસ્કૃત (d) તમિલ

(2) અનુવાદને એઝરા પાઉન્ડ શું કહીને ઓળખાવે છે ?

(a) ભાષાંતર (b) ભાવાનુવાદ

(c) સાહિત્યિક પુનઃજીવન (d) ટ્રાન્સલેશન

(3) ધર્મગ્રંથોનો અનુવાદ શબ્દશઃ કરવાનું કોણે કહ્યું ?

(a) મધર ટેરેસા (b) મોરારીબાપુ

(c) સેન્ટ જેરોમ (d) યૂજીન નીડા

(4) અંગ્રેજી Translation શબ્દ કયા બે શબ્દોનો બનેલો છે ?

(a) Trans - Lation (b) Trant - Lotion

(c) Trans - Port (d) Tran - Latio

(5) 'માટીનો માનવી' નવલકથાની કથાવસ્તુ કયા ગ્રંથથી પ્રભાવિત છે ?

(a) મહાભારત (b) રામાયણ

(c) ભાગવત (d) જાતકકથા

(6) શામુ પધાનની પત્નીનું નામ જણાવો.

(a) શારદા (b) રામી

(c) સોના (d) નેત્રમણિ

(7) પધાનપાડા જનપદની ગ્રામદેવી કોણ છે ?

(a) સંતોષીમા (b) મંગલામા

(c) દશામા (d) કાલિકામા

(8) શામુ પધાનની પત્ની બંને દીકરાઓને કયા નામે બોલાવે છે ?

(a) બરજૂ – છકોડી (b) ઉચ્છેદિયો – અવળચંડો

(c) લાલો – કાલુ (d) શનીયો – છગનો

(9) નેત્રમણિ કોની પત્ની હતી ?

(a) બરજૂ (b) હરિ મિશ્ર

(c) શામુ (d) છકોડી

(10) 'હું હો જોઈ લેવા એ મિસર બચ્ચાને' – આ વાક્ય કોણ બોલે છે ?

(a) બરજૂ (b) છકોડી

(c) ધરમો બાઉરી (d) શનીયો

(11) ઓરિસ્સામાં ભૂલથી કોઈને પગ અડી જાય તો શું કહેવાનો રિવાજ છે ?

(a) જય અંબે (b) વિષ્ણુ

(c) ક્ષમા (d) હરિ ઓમ

(12) 'આપણે નકામા નથી, ભાઈઓ કઠણ ખડક પર ફણગો ઉગાડી શકીએ તેવા આપણે ખેડૂતો - મજૂરો છીએ!' – આ વિધાન કોણ બોલે છે ?

(a) શામુ પધાન (b) બરજૂ પધાન

(c) છકોડી પધાન (d) હરિ મિશ્ર